સુવિચાર : જગતનાં સર્વોત્તમ મહાનુભાવો, ધર્મધુરંધરોની સરખામણીએ એક સારા સાચા દિલનો માણસ શ્રેષ્ઠ છે - એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૪૮ | ૨૮ એપ્રિલ, ૨૦૧૫, મંગળવાર ; વૈશાખ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

નેપાળ ધરતીકંપમાં મોતનો આંકડો વધીને ૪૦૦૦

Page-6

શહેરમાં ગરમીનું મોજુ

ગરમીનો પારો સતત ચડતો જતાં નાગરિકો પરેશાન : સોમવારે મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રી પર પહોંચ્યું : હજુ આગામી ૪૮ કલાકમાં ગરમી વધવાની આગાહી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરનું તાપમાન આજે ૪૨.૫ ડીગ્રી પર પહોંચતાં જ હીટવેવમાં પાટનગરવાસીઓ શેકાયા હતા.

ગઈકાલ કરતાં આજના તાપમાનમાં ૦.૮ ડીગ્રી જેટલો વધારો નોંધાયો છે. જો કે આજે આખા રાજ્યમાં ૦.૫ થી ૩ ડીગ્રી સુધીનો વધારો નોંધાયો છે. આગામી ૪૮ કલાક સુધી હીટવેવ યથાવત રહે તેવી શક્યતાના નિર્દેશો હવામાન ખાતાના સૂત્રો આપી રહ્યા છે.

અવકાશી ગરમીનો પ્રકોપ સવારથી જ જોવા મળતો હતો. પ્રાણીઓ પર છાંયાની શોધ કરતા નજરે પડ્યા હતા. ગરમીનો પારો બપોરે બાર વાગ્યા સુધીમાં તો ૪૧ ડિગ્રીને પણ પાર કરી ગયો હતો અને બપોરના સમયે તો તે ૪૨.૫ સુધી પહોંચી ગયો હતો.

ગરમીનો પ્રકોપ વધતાં જ પાટનગરના રાજમાર્ગો સુમસામ થઈ જવા પામ્યા હતા.

ગાંધીનગર શહેરમાં મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રી અને લઘુત્તમ ૨૪ ડિગ્રી સેલ્સીયેસ નોંધાયું છે. વહેલી સવારે હવામાં ભેજનું પ્રમાણ ૫૯ ટકા અને સાંજે ૨૦ ટકા જેટલુ નોંધાયું હતુ.

સાંજે બફારાનું પ્રમાણ વધતાં લોકો બગીચામાં તેમજ ઈવનીંગ વોક કરવામાં વ્યસ્ત થયેલા જણાતા હતા. ગરમીનું પ્રમાણ જે રીતે વધી રહ્યું છે તેનાથી પાટનગરવાસીઓ ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે.

સરકારી કચેરીઓમાં પણ ગરમીને લીધે મુલાકાતીઓની

● અનુસંધાન પાન-૭ પર

જૈન દેરાસરના પરિસરમાં ચાવડા પડી ગયા...!!

ગાંધીનગર, તા. ૨૭

સેક્ટર-૭માં આવેલ જૈન દેરાસરના શ્રી વિક્રમસિંહ ચાવડા આજે અસહ્ય ગરમીને લઈ ૧૨ વાગ્યાની આસપાસ દેરાસરના પરિસરમાં પડી જવાની ઘટના બનતાં જૈન અગ્રણીઓ તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા.

મળતી વિગતો પ્રમાણે શ્રી ચાવડાની તબિયત સુધારા પર છે. જો કે જૈન આગેવાનો આજે મોટી સંખ્યામાં સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને સારવાર માટેની સેવામાં સતત વ્યસ્ત રહ્યા હતા.

ગુલમહોલ અને ગ્રીષ્મ - ગાંધીનગર ગ્રીષ્મ, ગુલમહોર અને ગરમાળોનું અનોખું સંયોજન સર્જાય છે... ગાંધીનગરના માર્ગો પર ગ્રીષ્મ ધોમધખતી બપોરે ગુલમહોરના કોમળ પુષ્પો આંખને શીતળતા આપે છે... સાથો સાથ પ્રાકૃતિક સૌંદર્યનું અનોખું સ્વરૂપ પ્રગટે છે... ગાંધીનગરનું સદભાગ્ય છે કે ગરમાળો અને ગુલમહોર નગરના મુલાકાતીઓના આગમનને આવકારવા લાલ-પીળી પુષ્પમાળા સર્જાતી હોય એવો માહોલ ગરમીમાં સર્જાય છે... ગરમી આકરી હોય પરંતુ ગાંધીનગરની આસપાસ પ્રાકૃતિક વૈભવ અને હરિયાળીના પગલે નગરની ગ્રીષ્મ ઋતુ પણ હૂંફ આપે છે..... (તસવીર : કશ્યપ નિમાવત)

એસ.ટી.ના કર્મચારીઓ પગાર પંચના મામલે ૩૦મીએ હડતાલ પાડશે

ગાંધીનગર, તા૨૭

એસ ટી ના કર્મચારીઓ આગામી તા ૩૦ એપ્રલના રોજ માસ સી એલ પર જશે.છઠ્ઠા પગારપંચની વિસંગતા દુર કરવા ઉપરાંત કેન્દ્ર સરકારના રોડ સેફટીનુ બંધારણ કર્મચારીઓના વિરોધમાં હોવાના વિરોધ સાથે ગાંધીનગર ડેપોના ૬૦૦ જેટલા કર્મચારીઓ પણ આ હડતાલમાં જોડાશે.તા ૨૯મી ના રાત્રે ૧૨ કલાકથી એસ ટી ડેપોના પૈડા થંભી જશે.

એસ ટી ના કર્મચારીઓની સંકલન સમિતિ દ્વારા વિવિધ માંગણીઓ સંદર્ભે આગામી તા૩૦ એપ્રિલના રોજ માસ સી એલનો કાર્યક્રમ યોજવામાં આવશે.સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર છઠ્ઠા પગારપંચની વિસંગતતા

● અનુસંધાન પાન-૭ પર

ધોરણ-૧૦નું પરિણામ બીજી જુને

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પરિણામ ૨૫મેના રોજ જાહેર થશે : સામાન્ય પ્રવાહનું પરિણામ ૩૦ મે રોજ જાહેર થશે

અમદાવાદ,તા. ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામોની ઘડીઓ ગણાઈ રહી છે. ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવેલ જાહેરાત મુજબ ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ બીજી જુનના રોજ જાહેર કરવામાં આવશે જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આગામી ૨૫મી મેના રોજ જાહેર કરવામાં આવશે,તો ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૩૦મી મેના રોજ જાહેર કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૨મી માર્ચથી ૨૭મી માર્ચ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

મનપા પ્રજાભિમુખ સેવાઓ બનાવવા આતુર : મહેન્દ્રસિંહ રાણા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકાની સેવાઓને વધુ પ્રજાભિમુખ બનાવવાની કટિબદ્ધતા સાથે મહિલા સશક્તિકરણ અને કુપોષણમુક્ત

સમરસ સમાજ રચનાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યાનું મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આજે જણાવ્યું હતું.

મેયર તરીકેના પોતાના આખરી જાહેર કાર્યક્રમમાં તેમણે પ્રવચન દરમ્યાન જણાવ્યું હતું કે કોર્પોરેશન પ્રજાભિમુખ સેવાઓ બનાવવા આતુર છે અને એટલે જ આજે વેબસાઈટનું લોચીંગ કર્યુ છે. આ વેબસાઈટ આધુનિક તકનીકનો ઉપીયોગ કરાયો છે. આને લીધે લોકોને સેવાઓ સાથે કોને ફરિયાદ કરવી, કંઈ અરજી કરવી તે બધી જ જાણકારી ઉપલબ્ધ બનશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજરોજ શહેરીજનોની સુવિધા હેતુ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે નાગરિકોની સુવિધા અને સુગમતા અર્થે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે મહાનગરપાલિકાની વેબસાઈટ લોન્ચ કરાઈ હતી. આ સાથે સગર્ભા, ધાત્રીમાતા અને બાળકોમાં જોવા મળતા કુપોષણ અને તેને નિવારવા જારી અભિયાન અંતર્ગત ૬૧ સગર્ભા મહિલાઓને પ્રતિક સ્વરૂપે કઠોળ વિતરણ કરાયું હતું તેમજ મચ્છરજન્ય રોગચાળો નિવારવા પ્રેઝન્ટેશન સાથે મેલેરિયા નિયંત્રણ દિનની ઉજવણી કરાઈ હતી.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ડેપ્યુટી મેયરશ્રી સુભાષ પાંડવ, મ્યુનિસિપલ સ્ટેન્ડીંગ કમિટી અને ગુડાના ચેરમેનશ્રી આશિષ દવે, નેતાશ્રી મનુભાઈ પટેલ, ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી નિતીનભાઈ પટેલ સહિતના હોદ્દેદારો તથા કોર્પોરેટરશ્રીઓ અને જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડી.સી. જાગાણી, બેંક ઓફ ઈન્ડિયાના ઝોનલ મેનેજરશ્રી રાજીવ પાઠક, ચિલ્ડ્રન યુનિવર્સિટીના કો-ઓર્ડીનેટર તપર્ણાબેન વ્યાસ, આઈસીડીએસના પ્રોગ્રામ ઓફિસર છાયાબેન ઉપાધ્યાય, મ્યુનિસિપલ કમિશનરશ્રી જી.આર. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી જે.બી. બારૈયા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે આયોજીત આ કાર્યક્રમની શરૂઆત નેપાળના ભૂકંપ પીડીતો માટે બે મિનિટ મૌન પાળીને તેમજ દીપપ્રાગટ્ય, પ્રાર્થના અને સ્વાગત સાથે કરાઈ હતી. કાર્યક્રમ અંતર્ગત શહેરીજનોની સુવિધા અને સુગમતા હેતુ બેંક ઓફ ઈન્ડિયાના સહયોગથી તૈયાર કરાયેલ ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટનું

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
જુના કલર
ટી.વી.
૧૪'', ૨૦''
અને ૨૧''
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

આજે જિલ્લા ભાજપની કારોબારી

પ્રભારી મંત્રી નિતીન પટેલ તથા રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી કારોબારીમાં વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા ભારતીય જનતા પક્ષની કારોબારી સમિતિની આજે મહત્વની બેઠક સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે. ૧૭ ખાતે મળશે.

જિલ્લા પ્રમુખશ્રી નૌલેશ શાહની અધ્યક્ષતામાં મળનાર આ બેઠકમાં પ્રભારી મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તથા રાજ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

જિલ્લામાં આવી રહેલી પંચાયતોની ચૂંટણીઓ પહેલા મળી રહેલી આ કારોબારી બેઠકમાં મહાસંપર્ક અભિયાન, સભ્ય નોંધણી ઝુંબેશની સમીક્ષા ઉપરાંત પ્રદેશ ભાજપમાં થયેલા નિર્ણયોની જાણકારી આપવા સહિતની વિવિધ બાબતો પર ચર્ચા વિચારણા થશે.

પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા કારોબારી સમિતિની આ બેઠકમાં પક્ષના સંગઠન દ્વારા આગામી દિવસોમાં યોજાનારા કાર્યક્રમની જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત પંચાયતોની ચૂંટણી માટે પક્ષના કાર્યકરોને તૈયાર રહેવા હાંકલ કરવામાં આવશે.

આ બેઠકમાં રાજકીય પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જિલ્લામાં ગતિશીલ ગુજરાત અંતર્ગત લેવાયેલા મહત્વના વિકાસકામોની જાણકારી આપવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર